## ભાવાંજલિ



**સ્વં. ભાનુશંકર ચંદુલાલ આચાર્ય**
સ્વર્ગવાસ તા. ૨૯/૧૦/૨૦૧૫

મરણ અહિં છો રહ્યું - સ્મરણમાં વહે જીંદગી...

**પૂજ્ય બાપુજી,**
આપની પ્રથમ પુણ્યતિથિએ શત્ શત્ પ્રણામ

લિ.

દિપકભાઈ ભાનુશંકર આચાર્ય — રંજનબેન ધ્રુવકુમાર દવે
ભરતભાઈ ભાનુશંકર આચાર્ય — ચંદ્રિકાબેન હરદત્તકુમાર ભટ્ટ
અંજના દિપકભાઈ આચાર્ય — ભારતીબેન મહેશભાઈ રાવલ
નંદિની ભરતભાઈ આચાર્ય — ભાવનાબેન મુકેશકુમાર જાની
હરિદા ● નિધિ ● કંદર્પ ● નમ્રતા ● હર્ષિત


# શહેરના ત્રણ વેપારી સામે કેસ

## ૧૦ નમૂના રાજકોટ લેબોરેટરીમાં તપાસ માટે મોકલતુ મનપાનું ફૂડ ડિપાર્ટમેન્ટ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા દિવાળીના પર્વોમાં લેવાયેલા નમૂનાઓ પૈકીના ત્રણ નમૂના નાપાસ થતાં આ વેપારીઓ સામે એડજ્યુડીકેશનમાં કેસ દાખલ કરવામાં આવેલ છે.

મહાનગરપાલિકા દ્વારા દિપાવલી પર્વ નિમિત્તે જુદી જુદી જગ્યાએથી ૧૨ જેટલા નમુના લેવામાં આવેલ છે. જે પૈકી બે નમૂના ચકાસણી દરમ્યાન ગુણવત્તામાં ખરા ઉતર્યા હતા. જ્યારે ૧૦ જેટલા નમૂના રાજકોટની લેબોરેટરીમાં તપાસ માટે મોકલી આપવામાં આવેલ છે.

લેબોરેટરીનો અહેવાલ મળ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જેમના નમુના ચકાસણી માટે મોકલવામાં આવ્યા છે. તેમાં અંબિકા સ્વીટ્સ સે. ૨૪ના બે નમૂના, સે. ૨ની મહાલક્ષ્મી સ્વીટ્સનો એક નમુનો, ગ્વાલીયા સ્વીટ્સ ઈન્ફોસીટીનો એક નમૂનો, આકાશ ઈન્ફ્રાના બે નમૂના શ્રીનાથ ગાંઠીયા રથનો એક નમૂનો તેમજ રાધેકૃષ્ણ ફૂડ પ્રોડકટસના એક નમૂનાનો સમાવેશ થાય છે.

જે ત્રણ નમૂના નાપાસ થયા છે તેમાં લુજ દૂધ, મારુતિ કપાસિયાતેલ અને કનક કપાસિયા તેલના નમૂનાનો સમાવેશ થાય છે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આ નમૂના જ્યાંથી લેવાયા હતા તે વેપારીઓ સામે એડજ્યુડીકેશનમાં કેસ દાખલ કરવામાં આવ્યા હોવાનું પણ તંત્રના સૂત્રો જણાવ્યું છે.



આંગણે રંગોળી - દિવાળી પર્વોમાં દિવડાનો મહિમા છે એવો જ રંગોળીનો પણ છે... રંગોળી ઉત્સાહનું પ્રતિક છે... અતિથિ સત્કાર માટે રંગોળી પુરવાની ભારતીય સંસ્કૃતિમાં આજે પણ અકબંધ છે... દિપાવલી પર્વોમાં ગ્રામીણ વિસ્તારોમાં સાથીયા પુરાય, ઉંબરાનું પૂજન થાય, જ્યારે શહેરી વિસ્તારમાં અવનવા વિષય પર રંગોળી પુરાય છે... માત્ર રંગથી નહિ ક્યારેક ફુલથી, ક્યારેક અનાજથી અને ક્યારેક નાની-મોટી પ્લાસ્ટીક આર્ટીકલથી રંગોળી બનાવાય છે... પણ મુળભૂત રીતે તો રંગથી પુરાતી રંગોળી અવ્વલ નંબરે રહે છે...

### ઈતના સન્નાટા ક્યુ હૈ ભાઈ....

# એસીબીના દરોડા બાદ પ્રદુષણ નિયંત્રણ બોર્ડની કચેરીના કર્મચારીઓમાં ફફડાટ

**અમુક કર્મચારીઆ રજા મુકી ગામ તરફ રવાના : અધિકારીઓ ગીફ્ટ પેકને અડતા પણ ડર અનુભવે છે : કચેરીમાં સુનકાર જેવો માહોલ : બરોડામાં એસીબીના દરોડાની ઘટનાના ઘેરા પ્રત્યાઘાત**

ગાંધીનગર તા ૨૮

દિપાવલી પર્વના નવલા દિવસોમાં શહેરના જનજીવનમાં અનોખી ચેતના જાગૃત થયેલી જોવા મળે છે. દિવાળી પર્વના લીધે નગરના જનજીવનમાં રોનક પ્રવર્તી છે. પરંતુ સરકારી કચેરીમાં સન્નાટો છવાયેલો જોવા મળી રહયો છે. બરોડામાં ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ સોના ચાંદી અને રોકડ સાથે એસીબીના હાથે ઝડપાયા બાદ ગાંધીનગર સ્થિત બોર્ડની વડી કચેરીમાં પણ દિવાળી ટાંણે સુનકાર જોવા મળી રહયો છે. દિવાળી ટાંણે મોટાભાગની કચેરીઓમાં ધમધમાટ જોવા મળતો હોય છે. અધિકારીઓને મીઠાઈથી લઈ કિંમતી ભેટ સોગાદો આપીને ખુશ કરવા માટે મળતિયાઓ પણ કચેરીમાં ધામા નાંખતા હોય છે. પરંતુ બરોડની ઘટના પ્રકાશમાં આવ્યા બાદ નગરમાં સ્થિત બોર્ડની કચેરીમાં હડકંપ મચી ગયો છે. બોર્ડની કચેરીમાં ગીફટ પેકને હાથ લગાવતા પણ કર્મચારીઓ ફફડાટ અનુભવે છે. જયારે કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ રજા પર ઉતરી ગયા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

દિવાળીના સમય દરમિયાન અધિકારીઓને લાગતા વળગતા ભેટ સોગાદો આપીને દિવાળીની શુભેચ્છાના બહાના હેઠળ ખુશ કરવા

● અનુસંધાન પાન-૭ પર

### આજે કાળી ચૌદશ

# હનુમાનજીએ આ દિવસે છાતી ચીરીને સીતા-રામના દર્શન કરાવ્યા હતા

**સીતાજીએ હનુમાનજીને સિંદુર આપ્યુ હતુ : કાળીચૌદશ યમરાજાની પૂજા કરવાનો દિવસ : શરીર પર તેલની માલિશ કરવી જોઇએ : ધર્માચાર્ય ફુલશંકર શાસ્ત્રીજી : મેલુ દુર કરવાના મુળમાં હૃદયની દુર્ભાવનાઓ કાઢી નવા વિચારોનો અમલ કરવો જોઇએ**

ગાંધીનગર તા ૨૮

આજે કાળીચોદશ યમરાજાની પુજા કરવાનો દિવસ. કાળીચોદશના દિવસે વ્હેલી સવારે સ્નાન કરવાથી આયુષ્ય વધે છે. સુર્યોદય પુર્વે સ્નાન કરવુ લાભદાયી છે. આ ઉપરાંત મંદિર સહીત ઘરમાં તેલના દિવા મુકવાનુ અનિવાર્ય છે. યમરાજાને તેમના ચૌદ નામો થકી પુજા કરવાનો મહીમા છે. યમરાજાની પુજાથી યાતના વેઠવી પડતી નથી. લક્ષ્મીજીની કૃપા કાયમ રહે છે. આ દિવસે જ હનુમાનજીએ છાંતી ચીરીને રામસીતના દર્શન કરાવ્યા હતા. જયારે સીતાજીએ હનુમાનજીને સિંદુર આપ્યુ હતુ.

નગરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજીના જણાંવ્યા મુજબ આ દિવસે દેવતાઓને પણ સ્નાન કરાવાનો મહીમા છે. આ દિવસે શરીરમાં તેલ ચોપડવાની પણ પ્રાચીન પરંપરા છે. જેના લીધે બિમારીઓ આવતી નથી. નર્કમાં જવાનો વારો આવતો નથી. કાળી ચૌદશના દિવસ એટલે આસો વદ ચૌદશના દિવસે હનુમાનજીનો જન્મદિવસ હોવાનુ પણ મનાય છે. જયારે કેટલાક ચૈત્ર શુક્લ પુનમને પણ હનુમાનજી જયંતિ તરીકે ઉજવે છે. લંકા વિજય બાદ ભગવાન અયોધ્યા પર્ધાયા ત્યારે રામચંદ્રજી વાનરોને ઈનામ આપતા હતા આ વેળાએ હનુમાનજીને પણ ઈનામસ્વરૂપે માળાની ભેટ આપવામાં આવી હતી. પરંતુ માળામાં ક્યાંય રામ નામ ન હોવાથી તેમણે માળા તોડી નાંખી હતી. હનુમાનજીએ છાંતી ચિરીને સીતારામના દર્શન કરાવ્યા હતા. જયારે આ દિવસે જ સીતાજીએ હનુમાનજીને સિંદુર આપ્યુ હતુ. કાળી ચૌદશના દિવસે હનુમાનજીની ભક્તિ કરવાનો પણ અનોખો મહીમા છે. જયારે આ દિવસે બધા મેલુ કાઢે છે. અલબત્ત આ વાત પાછળનો આશય એ હોય છે કે હ્રદયની દુર્ભાવનાઓ દુર કરવાનો દિવસ છે. જુનો કચરો કાઢી નાંખી નવા વિચારો સાથે જીવનમાં આગળ વધવાની શરૂઆત કરવાનો દિવસ છે.


## ભાવાંજલિ



**સ્વ. બળદેવસિંહજી વાઘેલા**

વહાલા પપ્પા,

આપના મોક્ષત્વને આજે એક માસ વિત્યો ! પરંતુ જેમ વટવૃક્ષ કદિ પોતાના અસ્તિત્વને સંકેલતું નથી તેમ આપ પણ પુરુષાર્થ, હિંમત, સેવા અને શ્રદ્ધાની વડવાઈરૂપે અમારામાં, અમારી આસપાસ ચોમેર પવિત્રતાની સુવાસ થઈ પ્રસર્યા છો.

'જે ગમે જગદ્ગુરુ દેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો' એવા આપના આદર્શ અને સતત કર્મશીલતાના વરસાને શાશ્વત રાખવાનો સંકલ્પ અમે દોહરાવીએ છીએ.

લિ.

હિતેનસિંહ બળદેવસિંહ વાઘેલા — મનીષાબા વાઘેલા
કીર્તિદેવસિંહ રાઓલ — સ્વાતિબા રાઓલ
નીતિનભાઈ જોષી — પ્રાચિ, મિશ્વા, રૂદ્ર
પ્રદીપસિંહ બિહોલા

**નિરૂબા બળદેવસિંહ વાઘેલા તથા પરિવાર**

પ્રથમુ પુણ્યતિથિ નિમિત્તે

## ભાવભિની શ્રદ્ધાંજલિ



**સ્વ. પુષ્પાબેન અવિનાશભાઈ રાવલ**
આસોવદ - ચૌદસ

જનનીની જોડ સખી નહીં જડે રે લોલ
આંખોમાં આંસુ અને દિલમાં તમારી યાદ છે.
આજે મા તમે નથી એ જ અમારી ફરિયાદ છે.
જગતની દરેક સમૃદ્ધિ મળે પણ માતૃત્વ સમી
આપની છાયા ક્યાં ન મળે.
દરેક પળ અને પ્રસંગે આપની ખોટ પડશે,
છતાં આપના આશીર્વાદ અમારી જોડે છે એ અમને વિશ્વાસ છે.
''મા'' તમારી ખૂબ જ યાદ આવે છે...
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...
''મા તુજે સલામ''

લિ.

ગં.સ્વ. પુષ્પાબેન એ. રાવલ

વિભૂતિ બી. પંડ્યા — હિતેશ એ. રાવલ
અરૂણા એચ. ભટ્ટ — નીતા એચ. રાવલ
મંદાકિની એચ. જોષી — ઉદય એ. રાવલ
ઈન્દીરા પી. રાવલ — ભારતી યુ. રાવલ
સોનલ એચ. વ્યાસ
હની ● મીહુ ● ઋચા ● મેધા ● આસ્થા



GSPC

**Notice Inviting Tender for O&M of Uitlity and Facade Cleaning services and Courier Service**

Sealed Tenders are invited by GSPCL from reputed agencies for O&M of Utility and Facade Cleaning services and Courier Service.
Interested parties may collect the Tender document from GSPC by Paying Tender Fees as below as a demand draft in the name of Gujarat State Petroleum Corporation Ltd payable at Gandhinagar from 29/10/2016 to 04/11/2016 during office hours. Tender will be available for downloading from 29/10/2016 onwards on www.gspcgroup.com
1. Building O&M and Façade Cleaning: Rs. 10000/-
2. Courier Services: Rs. 1000/-
The last date of submission of tender document is 09/11/2016 by 1700 hrs.
All submission to be made at below mentioned address;
**Assistant General Manager (Admin)**
**Gujarat State Petroleum Corporation Ltd.**
GSPC Bhavan, Behind Udhyog Bhavan, Sector-11,
Gandhinagar-382010, Tel: +91-79-66701703.



ગાંધીનગરના પાદરે જૂજ ઓફીસ બાકી

SHREE Sharda Residency
Absorb...A Redefined Lifestyle



Developers
SHREE MADHAVKISHAN
INFRA HOUSING PROJECTS PVT. LTD.
Site Address : Opp Vijay Appartment, Vavol, Gandhinagar
Contact : 99784 08880, 98258 05141



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225



ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



હોલસેલના ભાવે રેટઈલમાં
આસ્વાદ મઠીયા
રૂ.૧૬૦/- Kg
રૂપલ કોમ્પ્યુટર
યુકો બેંકની બાજુમાં, ઘ-૫, સેક્ટર-૧૬, ગાંધીનગર





શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... ૩૫ મી વર્ષગાંઠ
તેની
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો
અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ
૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com